**મહે. ૦૯ માં એડીશનલ ચીફ મેજીસ્ટ્રેટ, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કોર્ટ નં. ૩૧, અમદાવાદ (શહેર).**

---

<u>ક્રિ.પ.અરજી નં. ૧૪૩૪૭/૨૦૨૩</u>

**<u>આંક ૧ લગત આખરી હુકમ</u>**

ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુન્હા અન્વયે દાખલ કરવામાં આવેલ છે. આ કામનું રેકર્ડ તથા પ્રોસીડીંગ્સ જોતાં સદરહું કામ સમયમર્યાદામાં દાખલ કરેલ ન હોવાથી મારા પુરોગામી દ્વારા હાલની ફરિયાદ ડિલે દાખલ કરવામાં આવેલ હોય જેથી ફરિયાદ પરચુરણ અરજી રજીસ્ટરે નોંધવામાં આવેલ અને સામાવાળાને નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ છે ડિલે અરજી તથા સોગંદનામું પણ રજૂ કરેલ છે. આ કામ હાલ સામાવાળાને નોટીસ બજવા માટે છે, પરંતુ ફરિયાદી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેતા નથી કે નોટીસની બજવણી થાય તે માટે કોઇ પ્રયત્ન કરતાં નથી વળી ફરિયાદી કે વિ.વ.શ્રીએ સામાવાળાને નોટીસ બજે કે વગર બજે આવે તે માટે કોઇ નવું સરનામું રજૂ કરવા માટે કોઇ કાર્યવાહી કરેલ નથી વળી હાલની અરજી ૨૦૨૩ની છે હાલની ફરિયાદી કંપનીના અત્રેની કોર્ટમાં ૨૨૦૦૦ થી વધુ કેસો પડેલ છે સદર કંપનીના હાજર ફરિયાદીઓને પણ હાલના કેસમાં નવું સરનામું રજૂ કરી નોટીસની બજવણી કરવા માટે જણાવવામાં આવેલ તેમ છતાં કોઇ બજવણી કરવા માટે કોઇ કાર્યવાહી કરતાં નથી તેઓએ આ કામે ફરિયાદી કંપનીના અલગ ફરિયાદી અને વકીલ હોવાનું જણાવેલ છે, પરંતુ હાલના કેસની આગળની કાર્યવાહી માટે કોઇ કાર્યવાહી ફરિયાદી કે તેના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ નથી વધુમાં ફરીયાદી કે તેમના વિ. વકીલશ્રી છેલ્લી ઘણી મુદતોથી હાજર રહેલા નથી તેમજ ફરીયાદીના વિ. વકીલશ્રીએ પણ ફરીયાદીની ગેરહાજરી સબબનો કોઈ મુકિત રીપોર્ટ પણ રજુ કરેલો નથી, આવા સંજોગોમાં ફરીયાદ પક્ષે કોર્ટમાં હાજર રહીને સક્રિયપણે કેસ આગળ ચાલે તેવા કોઈ પ્રયત્નો કરેલા નથી તેવું રેકર્ડ ઉપરથી ફલીત થાય છે. સદર કામ બજવણી માટે હોય જેથી ફરીયાદી હાજર ન રહે અને કોઈપણ જાતની આગળની કાર્યવાહી કરવા માટે આગળ ન આવે તે ઈચ્છનીય નથી. જયારે ફરીયાદી તરફે તેમના વિ.વકીલશ્રીને રાખવામાં આવેલા હોય ત્યારે ફરીયાદીની ગેરહાજરીમાં તેમના વિ. વકીલશ્રીએ હાજર રહીને કાર્યવાહીનો દોર આગળ ચલાવવા માટેના સક્રિય પ્રયાસો કરવા રહયા. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કાયદાકીય જોગવાઈ મુજબ હાલના કેસની કાર્યવાહી છ માસમાં પૂર્ણ કરવાની હોય છે પરંતુ આ કામનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ જોતાં લાંબા સમયથી ફરીયાદી હાજર રહેતા નથી કે તેમના વિ. વકીલશ્રી પણ હાજર રહેતા નથી આજરોજ પણ વારંવાર પોકાર કરવા છતાં ફરીયાદી કે તેઓના વિ. વકીલશ્રી હાજર રહેલા નથી કે કોઈ રીપોર્ટ રજુ રાખવામાં આવેલ નથી વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના **<u>ભવાની વિ.સ્ટેટ,ક્રિમીનલ અપીલનં.૨૪૦૫/૨૦૦૯ તા.૧૮/૦૧/'૧૦</u>** ના ચુકાદાને ઘ્યાને લેતાં તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૨૫૬ ની છણાવટ કરી ઠરાવેલ છે કે, જો ફરીયાદી કે તેમના વિ. વકીલશ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય અને કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રિય પ્રયાસો કરતા ન હોય તો, તે ફરીયાદ પક્ષની બેદરકારી કહેવાય અને તેવી બેદરકારીના કારણે ફરીયાદીની ફરીયાદ રદ થવાને પાત્ર છે. હાલના કેસમાં પણ ફરીયાદી કે તેમના વિ. વકીલશ્રી ઘણા લાંબા સમયથી ન્યાયિક કાર્યવાહીમાં હાજર રહેતા નથી તેમજ કેસની કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રિય પ્રયાસ કરતા ન હોય ત્યારે તે ફરીયાદ પક્ષની બેદરકારી કહેવાય, તેવી બેદરકારીના કારણોસર તેઓની અરજી રદ થવાને પાત્ર હોઈ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:::હુકમ:::**

ફરીયાદીની ગેરહાજરીને કારણે હાલની પરચુરણ અરજી કાઢી નાંખવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૨૯ મી માહે: નવેમ્બર સને : ૨૦૨૫ ના રોજ મારી સહી કરીને ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ

તારીખ : ૨૯/૧૧ /૨૦૨૫

(નાગદાનભાઈ કે. ડાભી)
૯ માં, એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટ, કોર્ટ નં.૩૧, અમદાવાદ (શહેર)
(GJ01030)